# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૭/ક્વા-૦૪/૨૦૧૯-૨૦/૧૮ તા.૦૫/૦૯/૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૫૭/ક્વા-૦૪/૨૦૧૯-૨૦**

અરજદાર: શ્રી ભાસ્કરભાઈ એમ પંડ્યા ગામ - જુનાગઢ

સબડીવીઝન: તાલાળા

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી વેરાવળ

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રીમતી નીતીનાબેન એચ. જોશી |
| 3) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી,જુનાગઢ

તારીખ: મંગળવાર (૧૮.૦૮.૨૦૨૦)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૮.૦૮.૨૦ (મંગળવાર)નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેમની જમીન સાંગોદ્રા ગામે સર્વે નં.૭૮/૧/3 ખાતા નં. ૩૩૨ ક્ષેત્રફળ ૦-૬૪-૭૫ આવેલ છે. આ જમીનમાં બન્નેની વીજ લાઈન અને કનેક્શન એક દિવસ ને અંતરે વર્ષ ૨૦૧૬ આપવામાં આવે તે સમયે જે તે માલિકના (પોતપોતાની માલિકી માં ) ખેતરમાં ટી.સી. અને વીજ લાઈન હતા. તેથી ફરિયાદ કરવા જેવી હતી નહિ. મે આ જગ્યા સોલાર પાવર સીસ્ટમ ફીટ કરવા માટે રાખેલ હતી. ભાગ્યો બદલાયો ત્યારબાદ ખ્યાલ આવ્યો કે જે જગ્યા પર

સોલાર સીસ્ટમ ફીટ કરવાની છે તે જગ્યા એ તો નયનાબેનની ટી.સી છે અને જયારે તમે ટી સી . ફેરફાર કર્યો ત્યારે મારું N.O.C લીધું નથી મારી મંજુરી વગર મારા ખેતરમાં અન્ય નું ટી સી શામાટે ઉભું કર્યું? અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારશ્રી ની મૌખીક તેમજ લેખીત રજૂઆત મુજબ શ્રી ભાસ્કરભાઈ પંડ્યા ના નામે સીજીઆરએફ માં અરજી કરેલ છે. નાયબ ઈજનેરશ્રી તાલાળા દ્વારા રજૂઆત વાળા સ્થળ નીમુલાકાત લેવામાં આવેલ છે. સ્થળ પર ઊભી કરવામાં આવેલ વીજ લાઇન નયનાબેન ભાલચંદ્ર નેનવા ખેતીવિષયક વીજ જોડાણ આપવા માટે વર્ષ ૨૦૧૯ માં ઊભી કરવામાં આવેલ હતી.

૩.૧ વર્ષ-૨૦૧૯ માં વીજ લાઇન ઊભી થયા બાદ આજ સુધી અરજદાર દ્વારા નડતરરૂપ વીજ લાઇન બાબતે કોઈજ રજૂઆત આવેલ હતી નહીં.

૩.૨ અરજદારશ્રી ની રજૂઆતના અનુસંધાને નાયબ ઇજનેરશ્રી તાલાળા દ્વારા તેઓશ્રીની અરજી મુજબ નડતરરૂપ વીજ લાઇન ફેરવવા માટે ભરપાઈ કરવાનું થતું ભાવપત્રક રૂ. ૪૪,૧૦૪/- પત્ર થી અરજદારશ્રી ને મોકલવા માં આવેલ હતું.

૩.૪ હાલ સુધી અરજદારશ્રી દ્વારા આ ભાવપત્રક ભરપાઈ કરવામાં આવેલ નથી,જેથી સદર વીજ લાઇન તથા ટી.સી. ફેરવવા બાબતે ની કોઈ કાર્યવાહી થયેલ નથી.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ અરજદારશ્રી દ્વારા જે તે વખતે વીજ લાઇન ઊભી કરતી વેળા એ કોઈપણ જાત નો મૌખીક કે લેખીત માં વાંધો કે હરકત લીધેલ ન હોય તેથી નિયમ મુજબ કંપની દ્વારા કામગીરી કરવામાં આવેલ છે.

૪.૨ આ બાબતે અરજદારશ્રી પાસે થી કોઈપણ જાત ની N.O.C. કંપની દ્વારા લેવાની હોતી નથી.

૪.3 કંપની ના નિયમ મુજબ અરજદારશ્રી ને જે ભાવપત્રક આપવામાં આવેલ છે,તે ભરપાઈ કર્યા પછી લાઇન ફેરવી આપવા આદેશ આપવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રીમતી નીતીનાબેન એચ. જોશી | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯